## આવતીકાલનો ઉજાસ



**કિરણકુમારી આર ખાંટ**
ધો-૧૧, બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય

અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં અને ખાસ કરીને રમતગમત ક્ષેત્રને અગ્રીમ સ્થાન આપનારી કિરણ એથ્લીટ તરીકે ઉત્કૃષ્ટ દેકાવ કરે છે. ગુજરાત સ્ટેટ રિયુશીન કરાટે ચેમ્પિયનશીપ અને ગુજરાત રિયુશીન કરાટે એસોસિએશન તરફથી યોજાયેલ કરાટે સ્પર્ધામાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરી સિલ્વર મેડલ અને નેશનલ કરાટે ફેડરેશન ઓફ ઈન્ડિયા અને એલીસબ્રીજ આરોગ્ય સમિતિ અમદાવાદ દ્વારા યોજાયેલ કરાટે સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. ખેલ મહાકુંભમાં ઊંચી કૂદમાં તાલુકા અને જિલ્લા લેવલે અનુક્રમે પ્રથમ અને દ્વિતિય ક્રમ મેળવી લાંબી કૂદમાં તાલુકા લેવલે દ્વિતિય ક્રમ પર આવીને શાળાને ગૌરવવંતું સ્થાન અપાવ્યું છે.

# સોમવારે યોજાનાર 'ટાટ'ની પરીક્ષામાં જિલ્લાના ૨૫૧૬૨ પરીક્ષાર્થીઓ બેસશે

## બે સેશનમાં પરીક્ષા લેવાશે : ૬૮ બિલ્ડીંગમાં બેઠક વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૫

આગામી તા. ૭ મે ના રોજ યોજાનારી 'શિક્ષક અભિયોગ્યતા કસોટી'માં જિલ્લાના ૨૫૧૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. માધ્યમિક વિભાગને અનુલક્ષી જિલ્લાના ૬૮ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ધો-૯ અને ધો-૧૦માં શિક્ષકોની નિમણુંકને અનુલક્ષી માધ્યમિક વિભાગ માટે આગામી તા. ૭ મે ના રોજ શિક્ષક અભિયોગ્તા કસોટી (ટાટ)નું આયોજન કરવામાં આવ્યું છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આ પરીક્ષા સંદર્ભે ગાંધીનગર, માણસા, કલોલ, ચાંદખેડા, મોટેરા ઉપરાંત પેથાપુર, રાંધેજા, રૂપાલ, સરઢવ ખાતેની વિવિધ શાળાઓમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એક દિવસીય આ પરીક્ષા બે સેશનમાં લેવાશે. જેમાં જિલ્લાના ૨૫૧૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

પ્રથમ સેશનમાં સવારે ૧૧ થી ૧ દરમિયાન શિક્ષણ પધ્ધતિ ઉપરાંત જનરલ નોલેજના વિષયોને આવરી લેવાશે. જયારે બીજા તબક્કામાં બપોરે ૩ થી ૪.૩૦ કલાક દરમિયાન વિવિધ વિષય સંબંધિત પરીક્ષા લેવાશે. પરીક્ષા દરમિયાન પારદર્શકતા અને શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે પણ શિક્ષણ તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પરીક્ષા કેન્દ્રો પર અન્ય જિલ્લાના ઓબર્ઝવરો પણ મોનીટરીંગ કરશે. આ ઉપરાંત ફલાઈંગ સ્કવોર્ડની ટીમો પણ વૉચ રાખશે.

# બ્રહ્માકુમારીઝ દ્વારા સેફ્ટી વિષયક પ્રવચનમાળા

ગાંધીનગર, તા. ૫

બ્રહ્માકુમારીઝ, ગાંધીનગર દ્વારા સેફ્ટી વિષયક પ્રવચનમાળાનો ગઈકાલથી આરંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત વિવિધ વર્ગોના લોકોને સેફ્ટી અંગે જાણકારી આપવામાં આવી રહી છે.

ઈન્ડસ્ટ્રીઅલ ટ્રેનર, કાઉન્સેલર અને કન્સલ્ટન્ટ ઈ વી સ્વામિનાથન દ્વારા વિવિધ વર્ગોના લોકોને સેફ્ટી વિષયક પ્રવચનો આપવામાં આવી રહ્યાં છે અને તેમના પ્રશ્નોના ઉત્તરો પણ આપવામાં આવી રહ્યા છે.



ગઈકાલે સૅક્ટર-૨ ખાતે સેફ્ટી વિથ સ્પીરીચ્યુઆલિટી વિષયે તેમનું વ્યાખ્યાન યોજાયું હતું. એ પછી આજે સવારે ૭થી ૮.૩૦ દરમ્યાન અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે જર્ની વિથ હાર્મની વિષયે સવારે ૧૦.૩૦થી ૧૨ દરમ્યાન ઈન્ફોસિટી ગાંધીનગર ખાતે તથા બપોરે ૨.૨૦થી ૪ દરમ્યાન જીઈબી કૉલોની ખાતે હોલીસ્ટીક સેફ્ટી વિષયે તેમણે વ્યાખ્યાન આપ્યું હતું.

ઉપરાંત સાંજે ૫ થી ૬ દરમ્યાન ચિલોડા બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે અને રાત્રે ૮થી ૯ દરમ્યાન ઊર્જાનગર ખાતે સેફ્ટી વિથ સ્પીરીચ્યુઆલિટી વિષયે વ્યાખ્યાન યોજાયું હતું.

આ જ પ્રવચનમાળા અંતર્ગત આવતીકાલે સવારે ૭થી ૮ દરમ્યાન બ્રહ્માકુમારીઝ ગાંધીનગર ખાતે જર્ની વિથ હાર્મની વિષયે વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું છે.

## રાજ્યકક્ષાની સાંસ્કૃતિક સ્પર્ધા સાપુતારા ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૫

ચાલુ ઉનાળુ વેકેશન દરમ્યાન ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે તા. ૨૦ મે થી તા. ૬ જૂન દરમ્યાન સાપુતારા સમર ફેસ્ટીવલ-૨૦૧૨નું આયોજન નોટીફાઈડ એરિયા કચેરી, સાપુતારા દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવામાં આવશે. તા. ૨૧ મે ના રોજ ડાન્સીંગ હરિફાઈ, તા. ૨૨ ના રોજ સીંગીંગ હરિફાઈ, તા. ૨૩ના રોજ ગરબા હરિફાઈ (તમામ ૧૬ વર્ષથી ઉપર માટે) તથા તા. ૨૯ના રોજ ૧૬ વર્ષથી નીચેના માટે ડાન્સીંગ તેમજ સીંગીંગ કોમ્પીટીશન યોજાઈ રહી છે. રસ ધરાવતા વ્યક્તિઓએ પોતે/પોતાના ગૃપ દ્વારા પરફોર્મ કરાયેલ રેકોર્ડેડ સીડી/ડીવીડી તા. ૧૫ મે પહેલાં નોટીફાઈડ એરિયા કચેરી, સાપુતારા, જિ. ડાંગને સરનામે મળી રહે તે રીતે મોકલવા જણાવાયું છે. આ અંગેની વધુ વિગતો માટે નાયબ મામલતદાર આર જે પંચાલ (મોબાઈલ નંબર ૯૪૨૭૫ ૭૬૮૬૫)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# કલ કે કલાકાર શાસ્ત્રીય નૃત્ય મહોત્સવમાં નવોદિત કલાકારોને ભાગ લેવા જોગ

## કલાકારોની વય ૧૭થી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ : અરજી કરવાની અંતિમ તારીખ ૩૦મી મે

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રમાં આશાસ્પદ નવોદિત કલાકારોને પ્રોત્સાહન, પ્રેરણા, માર્ગદર્શન અને તાલીમ મળી રહે અને તેમની નૃત્ય કલા જાહેર મંચ દ્વારા રજૂ થઈ શકે તે આશયથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા દર વર્ષે કલ કે કલાકાર શીર્ષક હેઠળ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ યોજવામાં આવે છે. ચાલુ વર્ષે યોજાનાર મહોત્સવમાં ભાગ લેવા ૧લી મે, ૨૦૧૨ના રોજ જે કલાકારની ઉંમર ૧૭થી ઓછી ન હોય અને ૨૫ વર્ષતી વધુ ન હોય, શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે આરંગેત્રમ પૂર્ણ કરેલ હોય તેમજ નૃત્ય ક્ષેત્રમાં વિશારદ થયા હોય/કથ્થક નૃત્યમાં સાત વર્ષથી ગુરૂ પાસે તાલીમ મેળવેલ હોય તેવા તથા નૃત્ય સમારોહમાં લાઈવ અથવા ટેપ પર કૃતિ રજૂ કરી શકશે.

નૃત્ય મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છુક કલાકારોએ પુરું નામ, સરનામું, ફોન-મોબાઈલ નંબર, જન્મ તારીખ, જન્મતારીખના દાખલાની પ્રમાણિત નકલ, આરંગેત્રમ/નૃત્ય ક્ષેત્રે વિશારદ કર્યા અંગેનું તેમજ કથ્થક ગુરૂ પાસે તાલીમ લીધા અંગેનું પ્રમાણપત્ર, પોતાનો તાજેતરનો પાસપૉર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી એક સાદા કોરા કાગળ ઉપર અરજી સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૯૮૨૦૧૦ને ટપાલ દ્વારા ૩૦ મે, ૨૦૧૨ સુધીમાં મોકલી આપવાની રહેશે. નૃત્ય લાઈવ અથવા તો ટેપ પર થઈ શકશે. આવેલ અરજીઓમાંથી નિષ્ણાત તજજ્ઞો દ્વારા ઑગષ્ટ, ૨૦૧૨ના બીજા કે ત્રીજા સપ્તાહ દરમ્યાન યોજાનાર પૂર્વ કસોટી લઈ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ માટેના કલાકારોની પસંદગી કરવામાં આવશે, તેમ સચિવ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## શ્રી સરસ્વતી શિશુ મંદિર

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા/ગ્રેડ |
|---|---|---|---|
| જુકેજી | ૧ | ચોલવીયા જયરાજ સી | એ-૧ |
| (અં.) | ૨ | ચૌધરી નિધિ આર | એ-૧ |
| | ૩ | પઠાણ અલીશા એ | એ-૧ |
| સિકેજી | ૧ | પરમાર પ્રણવ કે | એ-૧ |
| (અં.) | ૨ | જરાદી મુસ્કાન એમ | એ-૧ |
| | ૩ | રાજપૂત યુવરાજ કે | એ-૧ |
| જુકેજી | ૧ | ઠાકોર ધવલ કે | એ-૧ |
| (ગુજ) | ૨ | સોલંકી દક્ષ બી | એ-૧ |
| | ૩ | મકવાણા સ્નેહા ડી | એ-૧ |
| સિકેજી | ૧ | રણા મયંક જે | એ-૧ |
| | ૨ | શર્મા પ્રિન્સ એન | એ-૧ |
| | ૩ | સુતરિયા દેવાંગ એસ | એ-૧ |
| ૧ | ૧ | પટેલ દિવ્યા એચ | એ-૧ |
| | ૨ | પંડ્યા યુગ કે | એ-૧ |
| | ૩ | પટેલ પીનલ આઈ | એ-૧ |
| ૨ | ૧ | ભરવાડ પિયુષ એસ | એ-૨ |
| | ૨ | અસોડા અંજલી એન | એ-૨ |
| | ૩ | ચૌહાણ માહી જી | એ-૨ |
| ૩ | ૧ | બારોટ પાર્થ બી | ૯૨.૨૬ |
| | ૨ | નાહરવાડા ભાવિકા ડી | ૯૧.૬ |
| | ૩ | પરીખ કુંજલ વાય | ૯૦.૨૬ |
| ૪ | ૧ | મહેતા ઓમ બી | ૯૬.૬૩ |
| | ૨ | ચૌધરી આરતી જી | ૯૧ |
| | ૩ | ઠાકોર મનિષા ડી | ૮૩.૭૫ |
| ૫ | ૧ | નાહરવાડા અંજલી ડી | ૮૭.૧૨ |
| | ૨ | પરીખ અંજલી વાય | ૮૫.૬૬ |
| | ૩ | ચૌધરી વર્ષા એન | ૮૧.૨૨ |
| ૬ | ૧ | ઠાકોર હરેશ ડી | ૮૫.૯૦ |
| | ૨ | શર્મા રાજ ડી | ૮૫.૩૦ |
| | ૩ | પરમાર ખુશીશ એ | ૮૩.૧૦ |
| ૭ | ૧ | પટેલ જય કે | ૮૯.૮૦ |
| | ૨ | ખાંટ જયેશ આર | ૮૬.૭૦ |
| | ૩ | રાઠોડ નિખીલ એમ | ૮૨.૧૦ |
| ૮ | ૧ | પ્રજાપતિ વૈશાલી ડી | ૭૫.૮૦ |
| | ૨ | વડવાલા યુગ એમ | ૭૩.૧૦ |
| | ૩ | પટેલ રવિન્દ્ર ડી | ૭૨.૨૦ |
| ૯ | ૧ | પરીખ જીલ વાય | ૯૬.૦૦ |
| | ૨ | દેસાઈ ગુંજન જી | ૯૨.૦૦ |
| | ૩ | શેખ રૂકસાર એચ | ૮૮.૦૦ |

## વહાણવટી વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા/ગ્રેડ |
|---|---|---|---|
| જુકેજી | ૧ | શ્રીમાળી હર્ષ નિકુંજકુમાર | ૯૦.૩૩ |
| | ૨ | સેનમા પ્રિયાબેન મુકેશભાઈ | ૭૮.૩૩ |
| | ૩ | મીણા જિગીષાબેન લલિતભાઈ | ૭૭.૬૬ |
| સિકેજી | ૧ | જાદવ અર્પિતસિંહ હર્ષિધ્ધસિંહ | ૯૫.૩૩ |
| | ૨ | આનંદ જીયા વિશાલકુમાર | ૯૪.૩૩ |
| | ૩ | પરમાર રેહાનકુમાર પંકજકુમાર | ૯૪.૦૦ |
| ૧ | ૧ | લેઉવા આદિત્ય વિકાસભાઈ | ૯૩.૬ |
| | ૧ | નંદાસીયા જામીયાબેન વલીમહંમદભાઈ | ૯૩.૬ |
| | ૨ | સોની હિતેક્ષા કલ્પેશભાઈ | ૮૯.૬ |
| | ૩ | બરંડા તીર્થકુમાર સુભાષભાઈ | ૮૩.૪ |
| ૨ | ૧ | શાહ આદિલકુમાર વિજયકુમાર | ૯૮ |
| | ૨ | સોલંકી દેવાંશી બળદેવભાઈ | ૯૪.૨ |
| | ૨ | તડવી અંકિતાબેન અશ્વિનભાઈ | ૯૪.૨ |
| | ૩ | તડવી અનુજકુમાર અશ્વિનભાઈ | ૯૧.૨ |
| ૩ | ૧ | દંતાણી ધારા બાબુભાઈ | ૯૦.૧૬ |
| | ૨ | મકવાણા કુલદિપસિંહ મુકેશભાઈ | ૮૮ |
| | ૩ | રવાની સંધ્યા પ્રમોદકુમાર | ૮૭.૩૩ |
| ૪ | ૧ | ચૌધરી નયન રાજેન્દ્રભાઈ | ૯૦.૭૧ |
| | ૨ | પટેલ વિરાજ અનિલભાઈ | ૮૯.૮૬ |
| | ૩ | રાજવંશી મીતકુમાર રાકેશભાઈ | ૮૯.૫૭ |
| | ૩ | રાઠોડ મૌલિક દશરથભાઈ | ૮૯.૫૭ |
| ૫ | ૧ | પટેલ જીમીકુમાર કમલેશભાઈ | ૭૯.૨૨ |
| | ૨ | વડાદરા નિખિલકુમાર સુરેશભાઈ | ૭૮.૪૪ |
| | ૩ | રાઠોડ ડિમ્પલકુમારી ભારતસિંહ | ૭૨.૫૫ |
| ૬ | ૧ | ઠાકોર કેવિનભાઈ દેવાજી | ૮૭.૬ |
| | ૨ | ગામેતીત નરેશલાલ પ્રતાપલાલ | ૮૫.૨ |
| | ૩ | ચૌહાણ હિરલબેન દલપતસિંહ | ૮૩.૧ |
| ૭ | ૧ | પટણી કાજલબેન સંજયભાઈ | ૭૪.૬ |
| | ૨ | મેસરીયા ધવલ રમેશભાઈ | ૭૨.૧ |
| | ૩ | મકવાણા શિવાની બિપીનચંદ્ર | ૭૦.૨ |
| ૮ | ૧ | લેઉવા અંકિતકુમાર પિનાકીનભાઈ | ૭૯.૮ |
| | ૨ | ચૌધરી કોમલ રાજેન્દ્રકુમાર | ૬૭.૧ |
| | ૩ | રાવલ નિકીતા શંકરભાઈ | ૬૪.૧ |
| ૯ | ૧ | કનોજીયા પંકજ હૃદયનારાયણ | ૭૭.૫૭ |
| | ૨ | નાયી નિરંજન પ્રવીણભાઈ | ૭૦.૧૪ |
| | ૩ | રાઠોડ અંકિત ભારતસિંહ | ૬૩.૭૧ |

## શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા/ગ્રેડ |
|---|---|---|---|
| ૧ | ૧ | રાજપુત વરૂણ ઉદયસિંહ | ૯૫.૨ |
| | ૨ | પ્રજાપતિ સાતભાબ ઉમેશભાઈ | ૯૨.૩ |
| | ૩ | ગુર્જર પુષ્પા દેવીલાલ | ૯૨.૨ |
| ૨ | ૧ | કોરી આકાશ ચેતરામ | ૯૬.૬૬ |
| | ૨ | કુમારી મુકેશ બ્રિજમોહન | ૯૫.૩૩ |
| | ૩ | ગુપ્તા અજય મહેશ | ૯૩.૩૩ |
| ૩ | ૧ | રાઠોડ તન્વી દિપકભાઈ | ૯૫ |
| | ૨ | રાઠોડ દિવ્યા હમીરસિંહ | ૯૪.૨ |
| | ૩ | નિલેશકુમાર નગેન્દ્રપ્રસાદ | ૯૧.૬ |
| ૪ | ૧ | સિદ્દિકી સાકીબ સમશૂલ હુસેન | ૯૫.૧૨ |
| | ૨ | યાદવ રાહુલ વિક્રમભાઈ | ૯૪.૭૫ |
| | ૩ | પંચાલ ગૌરવ દિપકભાઈ | ૯૨.૬૬ |
| ૫ | ૧ | સિદ્દિકી રોશની સમશૂલ હુસેન | ૯૬.૪૪ |
| | ૨ | નિરંજનકુમાર નગેન્દ્રપ્રસાદ | ૯૨.૬૧ |
| | ૩ | પુષ્પેન્દ્ર શોભ્રાસિંહ | ૯૦.૬ |
| ૬ | ૧ | યાદવ અર્ચનકુમાર ગયાસિંહ | ૯૨ |
| | ૨ | મીના મનિષા ગટુભાઈ | ૯૦.૩૩ |
| | ૩ | શર્મા સાગર સતીષ | ૮૯.૬૬ |
| ૭ | ૧ | યાદવ આશિષ પ્યારેલાલ | ૯૪.૭૭ |
| | ૨ | સેંગાર શૈલેન્દ્રસિંહ ભાનુપ્રસાદ | ૯૪.૩૩ |
| | ૩ | અંચલસિંહ બલવંતસિંહ | ૮૯.૫૫ |
| ૮ | ૧ | ચાંગલાની પ્રેમ મુરલી | ૯૭.૫ |
| | ૨ | સૈયદ નઈમુલી ઉમેદઅલી | ૯૩.૯ |
| | ૩ | સિસોદીયા અંજુ રણજિતસિંહ | ૯૦.૫ |
| ૯ | ૧ | યાદવ કમલ કૈલાશચંદ | ૯૮ |
| | ૨ | સિંઘ નિધિ નન્હેકુમાર | ૯૬ |
| | ૩ | શર્મા શૈલેષકુમાર | ૯૪ |
| ૧૧ | ૧ | નોશિનબાનુ સમશીરઅલી | ૯૩ |
| આટ્ર્સ | ૨ | શેખ રેહાના મોહંમદહુસેન | ૯૦ |
| | ૩ | યાદવ સીમાકુમારી ગયાસિંહ | ૮૯.૭૧ |
| ૧૧ | ૧ | અમિતકુમાર પ્રદીપકુમાર | ૯૫ |
| કોમર્સ | ૨ | નેહાકુમારી તારકેશ્વરસિંહ | ૯૨ |
| | ૩ | સુથાર આઈદનરામ અસુરામ | ૯૦ |

# જીવનની પેલે પારનું જીવન એટલે નકારાત્મકતાથી સકારાત્મકતા અને સકારાત્મકતાથી સંપૂર્ણ સકારાત્મકતા તરફનું જીવન

## વિચાર વન

\- જય વસાવડા



સકારાત્મકતા અને નકારાત્મકતા. અહીંયા હું આ બે શબ્દોને સકારાત્મક વિચારો સાથે સમજાવવાનો પ્રયત્ન કરીશ. દરેકના જીવનમાં આ બે શબ્દો સિક્કાની બે બાજુઓ જેવા છે. પરંતુ આ જગતમાં અમુક જીવો પોતાનું જીવન એવી રીતે જીવી ગયા કે જો તેમના જીવનરૂપી ગ્રંથનું અધ્યયન કરવામાં આવે, દરેક પાનાની એક લીટીને સમજવામાં આવે તો ખ્યાલ આવશે કે તેઓએ પોતાના જીવનરૂપી સિક્કાની બંને બાજુઓને સકારાત્મકતાથી ભરી દીધેલ છે. માટે જ આવી આત્માઓને આપણે ભગવાન, ઈશ્વર, પરમાત્મા, અલ્લાહ, ગૉડ તરીકે માનીએ છીએ. આપણે પણ આવી આત્મા બની શકીએ છીએ. અહીં હું નકારાત્મકતાની આપણા જીવન પર કેવી અસર પડે છે, તે વિશે પહેલાં કહીશ. કારણ કે હું ઈચ્છું છું કે તમે નકારાત્મકતાને ફટાફટ વાંચી, સમજી ને ડીલીટ કરી નાખો અને સકારાત્મકતાને વાંચો, વિચારો, સમજો અને યોગ્ય લાગે તો જીવનમાં ઉતારો, કારણ કે જીવનમાં ઉતારવા જેવું છે તો માત્ર સકારાત્મકતા.

બાળક હજુ અણસમજુ હોય ત્યારથી જ વડીલો અજાણે, લાગણીસભર થઈને નકારાત્મકતા બાળકને આપતા હોય છે. બાળક ચાલવાનું, દોડવાનું શીખે એટલે તે બારી ઉપર, ટેબલ ઉપર ચડવાનો પ્રયત્ન કરશે એટલે તરત જ ઘરના વડીલો હાકોટો કરશે. એય બારી પર ચડીશ નહીં, પડી જઈશ. પરંતુ શું ક્યારેય બાળકની નજીક જઈ તેને હાથ દ્વારા ટેકો આપીને કહ્યું છે, બેટા જરાય ગભરાઈશ નહીં, તું ઉપર ચડ, હું તારી સાથે છું. જો તમે આવી રીતે કહેશો તો બાળકને પડી જવાનો ડર નહીં, પરંતુ આગળ વધવાનો ઉત્સાહ પેદા થશે. એકવાર એક મિત્રએ ખૂબ જ સરસ ઍસઍમઍસ કર્યો હતો, અહીં ખૂબ જ ઉપયોગી જણાશે.

'યોર માઈન્ડ ઈઝ યોર ગ્રેટ ફ્રેન્ડ ઈફ યુ કંટ્રોલ ઈટ, બટ યોર માઈન્ડ ઈઝ યોર ગ્રેટ એનીમી ઈફ ઈટ કંટ્રોલ્સ યુ.'

મેં ઘણા લોકોને આવું બોલતા સાંભળેલા છે કે હું ડિપ્રેશનમાં છું. હું ઘણા સમયથી ડિસ્ટર્બ છું. હું ટેન્સ છું. મને બહુ જ પ્રોબ્લેમ છે. જીવન હવે જીવવા જેવું રહ્યું નથી. બસ જેમ જીવાય એમ જીવી લઈએ. જીવન પ્રત્યે કોઈ ઉત્સાહ જ નહીં. કારણ કે આ બધી વ્યક્તિઓને પોતાના મગજે નકારાત્મક આવરણોમાં બાંધી દીધેલ છે. એટલા માટે જ 'લીસન યોર હાર્ટ એન્ડ ઓર્ડર યોર માઈન્ડ.' મગજને જેમ વિચારવું હોય એમ ન વિચારવા દો, આપણે શું વિચારવું છે એ મગજને ઓર્ડર કરો ને એ વિચારે. જો મગજને એની મનમાની કરવા દેશો તો ધ્યાન રાખજો એ તમને નકારાત્મક વિચારો જ આપશે. નહીંતર આપણી આજુબાજુ આટલા બધા ચોરીના કેસ, ખૂનના કેસ, એકબીજાને છેતરવા, ગંદું રાજકારણ રમવું, આવું બધું હોત જ નહીં. આ બધી મગજની જ પેદાશ છે. જો તમે સજાગ ન રહો, મગજને કાબૂમાં ન રાખો, સતત સકારાત્મક રૂપી ફ્રીઝમાં મગજને ન રાખો તો તમને ખોટા વિચારો જ આપશે.

એક વાર્તા :

એક વખત સિકંદર લડતો લડતો એક ગામમાં નિવાસ કરે છે. ગામના લોકો ખૂબ જ સકારાત્મક હોય છે. એક દિવસ એવું બને છે કે એક ખેડૂતના ઘરમાંથી ઝવેરાતો ભરેલો ઘડો મળે છે, જેની કિંમત ખેતરની કિંમત કરતાં પણ વધારે હતી. એટલે એ ખેડૂતે જેની જોડેથી ખેતર વેચાતુતં લીધું હતું તેનો સંપર્ક કર્યો અને કહ્યું, આ ઝવેરાતો ભરેલો ઘડો ખેતરમાંથી મળેલ છે. મેં કિંમત ખેતરની આપી હતી, આ ઝવેરાત ભરેલા ઘડાની નહીં, માટે આ ઘડો તમારો ગણાય. વેચનાર વ્યક્તિએ અસ્વીકાર કરતાં કહ્યું, મેં તો તમને ક્યારનું ખેતર વેચી દીધેલ છે, માટે ખેતરમાંથી નીકળતી દરેક વસ્તુ તમારી માલિકીની ગણાય. બંને જણાએ ઘડો સ્વીકાર્યો નહીં. વાત ગામના પંચ પાસે પહોંચી. પંચે નક્કી કર્યું ને કહ્યું, તમારા ઘરમાં યુવાન દીકરો, દીકરી છે ? એકને ત્યાં દીકરો હતો, બીજાને ત્યાં દીકરી હતી. પંચે કહ્યું, બંનેનાં લગ્ન કરાવી દો. પછી આ ઘડો તમારા પરિવારનો જ ગણાય.

આ વાર્તા પાછળ મારો સંદેશ સકારાત્મકતાનો છે. જો દરેક વ્યક્તિ આટલી સકારાત્મક થઈ જાય, તો સ્વર્ગ અહીં જ છે.

તબીબી સલાહકારોનું કહેવું છે કે શરીરમાં થનારા ૭૦ ટકા રોગ - રોગ હોતા જ નથી કેમ કે તે માનસિક રોગ હોય છે અને આ રોગો નકારાત્મક વિચારસરણીને લીધે ઉદ્‌ભવે છે. કોઈ એક વ્યક્તિના નકારાત્મક વિચારો બીજી વ્યક્તિને પણ નકારાત્મક વાતાવરણ પુરું પાડે છે. જો દરેક પરિવાર સકારાત્મક વિચારોથીત જીવે તો દરેક ઘર મંદિર બની જાય અને મંદિરમાં બીજું હોય છે શું ? મંદિરની બનાવટ, ત્યાંનું શાંત વાતાવરણ તમને સકારાત્મક ઊર્જા આપે છે. મંદિર જવાથી તમારું ચિત્ત પ્રસન્ન થઈ જાય, દરેક પળમાં પ્રસન્ન રહેવું એ જ આધ્યાત્મિક જીવન. મારું તો માનવું છે કે જો તમે પોતાની જાતને કુદરતનું એક ખાસ સર્જન માનતા હો, તો કુદરત ક્યારેય તમારા જીવનને નષ્ટ કરવામાં માનતી જ નથી. તમારું જીવન સૃષ્ટિનું એક આગવું સૌંદર્ય છે અને સૃષ્ટિ પોતાના સૌંદર્યને કાયમ જાળવી રાખવા માગે છે. એક પંદર દિવસ સંપૂર્ણ સકારાત્મક વિચારો સાથે રહો. પળેપળને સકારાત્મકતાથી ભરી દો, તમે અનુભવ કરશો કો તમે સંપૂર્ણ સકારાત્મકતાથી ભરપૂર છો. નકારાત્મકતા તમારી અંદર પ્રવેશવાનું દુઃસાહસ પણ નહીં કરે. જડમૂળમાં વ્યાપી ગયેલો રોગ ડૉકટર ઑપરેશનથી ઉખાડીને ફેંકી દે છે અને તમે સંપૂર્ણ સ્વસ્થ બની જાવ છો, જાણે કશું હતું જ નહીં. તેમજ નકારાત્મકતા જડમૂળમાંથી બહાર ફેંકાઈ જશે. જાણે કશું હતું જ નહીં. પળભર આવેલું ખરાબ સ્વપ્ન ડરાવીને જતું રહ્યું અને બાકી આખો દિવસ આનંદમય, સંગીતમય, નૃત્યમય પસાર થઈ જાય, જીવન પરિવર્તિત થઈ જાશે. એકવાર અંધકાર ભગવાન પાસે જઈને ફરિયાદ કરે છે, હે ભગવાન તમે અજવાળા (પ્રકાશ)ને સમજાવી દેજો, હું જ્યાં જાઉં છું ત્યાં એ તરત જ આવી જાય છે. મારું નામોનિશાન, મારું અસ્તિત્વ રહેવા દીધું નથી. આ સાંભળી બીજા દિવસે ભગવાન અજવાળાને કહે છે કે અંધકારે તારી ફરિયાદ કરી છે કે એ જ્યાં જાય ત્યાં તું તરત પહોંચી જાય છે. તેં એનું નામોનિશાન, એનું અસ્તિત્વ રહેવા દીધું નથી. આ સાંભળી અજવાળું ચોંકી ઊઠે છે અને જવાબ આપે છે, હે ભગવાન શું વાત કરો છો ? મને બહુ નવાઈ લાગે છે. હું કોઈ અંધકારને સદીઓથી ઓળખતો જ નથી તો પછી હું કેવી રીતે એને હેરાન કરી શકું ? હું તેનાથી અજાણ છું, તમે એને અહીં બોલાવો તો મને ખબર પડે કે આ અંધકાર છે. પણ અજવાળાની સામે અંધકાર આવી શકે ખરો ? આપણું મન, હૃદય, મગજ, આત્મા, આખું શરીર એટલું સકારાત્મક બની જાય કે જેમ અજવાળું અંધકારથી અપરિચિત છે તેમ જ આપણે પણ નકારાત્મકતાથી સંપૂર્ણ અપરિચિત બની જઈએ.

મારી દ્રષ્ટિએ પહેલાં તો પોતાના પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. પોતાના જીવનની દરેક જવાબદારી પોતાના શિરે જ હોવી જોઈએ અને જ્યારે જવાબદારી લઈ લેશો એટલે તમને ગજબનો આત્મવિશ્વાસ પેદા થશે કે હા, હું પણ મારી રીતે જીવી શકું છું. આત્મવિશ્વાસ પેદા થશે કે તમે તમારા નિર્ણયો જાતે લેતા થઈ જશો. મેં ઘણા પરિવારોમાં જોયું છે કે ૭૦-૮૦ વર્ષના દાદા ઘરની દરેક બાબતનું સૂકાન પોતાના હાથમાં જ રાખતા હોય. એમને પૂછ્યા વગર જાતે કંઈ જ કરી ન શકાય. પરંતુ આ બહુ જ ખોટું કહેવાય. છોકરો કે છોકરી ૧૬ વર્ષનાં થાય પછી ધીમે ધીમે વડીલોએ તેમને પોતાની જાતે પોતાની રીતે નિર્ણય લેતા કરવા જોઈએ. આ ઘરના વડીલોની બાળકો પ્રત્યેની ફરજ છે. અને એમ કરતાં તેમના જીવનની દરેક જવાબદારી તેમને આપવી જોઈએ. તેમને સ્વનિર્ણયી બનાવવા જોઈએ. જરૂર પડ્યે માર્ગદર્શન આપવાનું, બાકી એ લોકો જેમ કરે એમ કરવા દેવા જોઈએ. ભલે ક્યાંક તકલીફ પડશે તો શીખશે કે બીજી વાર તકલીફને કેવી રીતે સંભાળવી અને એ તકલીફોને પણ સકારાત્મકતાથી જ લેવી જોઈએ. પ્રકૃતિએ દરેક વ્યક્તિમાં એ તમામ શક્તિઓ મૂકેલી જ છે, ખાલી અહેસાસ થઈ જાય કે જીવનનો બેડો પાર. દરેક વખતે એ જ ધ્યાન રાખવાનું છે કે નિર્ણયો બરાબર લેવાય છે કે કેમ ? અને એ જ રીતે ધીમે ધીમે તમારી અંદર સકારાત્મક શક્તિ વધવા માંડશે. તમને યાદ હોય, તો ઓમ શાંતિ ઓમ ફિલ્મમાં શાહરૂખ ખાનનો ડાયલોગ છે, 'તું જો ભી ચીઝ પુરે દિલ સે કરતે હો, તો પુરી કાયનાત તુમે ઉસસે મિલાને મેં લગ જાતી હૈ.' એટલે કે દરેક કામ પૂરી લગનથી, સંપૂર્ણ આત્મવિશ્વાસથી, સજાગતાથી દિલ લગાવીને કરો તો સમગ્ર પ્રકૃતિ તમને આગળ વધારવા મદદરૂપ નિવડશે. અને એક દિવસ એવો આવશે કે તમારા અસ્તિત્વમાંથી સકારાત્મક ઊર્જાની છોળો વહેવા માંડશે. તમે ક્યારેય જો મહેસૂસ કર્યું હોય તો તમે જ્યાં બેઠા છો, ઊભા છો, ત્યાં કોઈ જાણી-અજાણી વ્યક્તિ આવે કે ત્યાંનું આખું વાતાવરણ બદલાઈ જાય, એક અલગ પ્રકારની લાગણી પેદા થાય. તમે ખુશ થઈ જાવ, આનંદમાં આવી જાવ, અચાનક શુષ્કતા ગાયબ થઈ જાય. તેનું કારણ પેલી વ્યક્તિની સકારાત્મક ઊર્જા છે. તમારી નકારાત્મક ઊર્જા બહારની તરફ વહેવા માંડે છે અને પેલી વ્યક્તિની સકારાત્મક ઊર્જા તમારી અંદરની તરફ વહેવા માંડે છે. જો દરેક વ્યક્તિ સકારાત્મક વિચારોથી જીવનમાં આવનાર દરેક પરિસ્થિતિને સ્વાકીરે તો જીવન સુંદર બગીચો બની જાય.